

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કોણીએ ગોળથી, કાર્યકરોને તમે ઠેંકતા રાખો !*
*જૂના સન્માનનીય નેતાઓને તમે ફેંકતા રાખો!*
*રાખો રાષ્ટ્રીય એકતા વેરઝેરથી બદલા લઈ -*
*અમે ઝઘડીએ જૂથમાં પણ તમે એકતા રાખો !*

**હાઈકુ**

*અતૂટ દોર*
*રાષ્ટ્રીય - એકતાથી*
*રાખો બાંધીને -*

*મળી રહે છે*
*મેળાના માણસને -*
*મેળાના બ્હાનાં...*

### ચિંતન

*ફૂટા મન બદલાય દે, સાધુ બડે સુનાર,*
*ટૂટી હોવે રામ સે, ફિર સંધાવન હાર.*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

સદ્‌ગુરુથી પવિત્ર એવા સાધુ પુરુષની સરખામણી સોની સાથે કરતા કહે છે કે કોઈ ઉદાર સોની લોકોના જૂનાં અને તૂટેલાં સવર્ણલંકારો કે તૂટેલાં ફૂટેલાં સુવર્ણપાત્રો બદલીને નવાં આપે અથવા તો મફતમાં રેણ વગેરે કરી સાંધીને નવાં જેવા કરી આપે એ વાત આશ્ચર્યજનક જ કહેવાય ને?

આવી જ વાત છે. સંતપુરુષોની સાચા સંતો આપણાં દુષિત અને વિકૃત મનને બદલી આપે, મતલબ કે તેમનાં સદ્‌ઉપદેશોની માનવ મનની વિકૃતિ નાશ પામે અને હરિ સાથે તૂટેલો તાર સંધાય છે. આત્મા અને પરમાત્મા વચ્ચેનો સંબંધ દુનિયાની માયાજાળમાં ફસાયેલ મનુષ્ય ભૂલી ગયો હોય તેને ઉપદેશ દ્વારા તાજો કરી આપે છે. આમ સંત પુરુષો માનવીનાં ખરા રાહબર છે.

### સુવિચાર

- પાપમાં પડવું મનુષ્યોચિત છે, પાપમાં પડ્યા રહેવું દુષ્ટોચિત છે, પાપ પર દુઃખી થવું સંતોચિત છે, અને તમામ પાપને છોડી દેવું ઈશ્વરોચિત છે - **હેન્રી લોંગફેલો**
- કોઈ પણ બાબતને છેવટની માની લેવી નહિ, નવા દર્શન માટે તૈયાર રહેવું - **શ્રીમતી એની બેસન્ટ**
- ગરીબ થવું અને ગરીબ દેખાવું આ બંને ઉન્નતિ ન કરવા માટેનો નિશ્ચિત માર્ગ છે - **સંત ઓલિવર**
- લોકોમાં સુંદરતા મળવી સહેલી છે, પણ ગુણોની પ્રાપ્તિ દુર્લભ છે - **ભારવિ**
- ભવિષ્યના ભંડારામાં તમારા માટે શું છે એની પૂછપરછ કર્યા વિના આજની ભેટ સ્વીકારો - **સંત રોબિન**
- દયા એ ઈશ્વરીય અંશ છે અને એ માણસને સ્વાભાવિક છે - **કવિ નર્મદ**
- આજનું ઔષધ : ગોરખમુંડીનું ચૂર્ણ અને સૂંઠ પાઉડર સરખે ભાગે લઈ દૂધમાં ઉકાળી સવાર-સાંજ પીવાથી સંધિવામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આપણી શક્તિ અને કાબેલિયતનો જરૂરી ઉપયોગ ન કરીએ તો તે ભૂલાઈ જશે. આ દુનિયા સતત પરિવર્તનશીલ છે માટે પોતાની આવડતને ભૂલો નહિ અને સમય સમય પર તે શક્તિ અને કાબેલિયતને વધુ ધારદાર બનાવતા રહેવું જોઈએ. એક મોટા ગીધનું ટોળું ઉડતા ઉડતા એક ટાપુ પર પહોંચી ગયું. દરિયો છીછરો હોવાથી ત્યાં દેડકા, માછલા વગેરે દરિયાઈ જીવો ઘણી સંખ્યામાં હતા. ગીધો માટે આવો ખોરાક સહેલાઈથી ઉપલબ્ધ હતો. બીજા મોટા પ્રાણીઓનો ભય પણ નહોતો. એક યુવાન ગીધ બોલ્યું, 'આ જગ્યા, ઉત્તમ છે. અહીં તો બેઠા બેઠા ખોરાક મળશે. કોઈ ખાસ શ્રમ નથી, ડર નથી. હું તો અહીં જ રહીશ.' થોડા દિવસ પછી એક અનુભવી ગીધે કહ્યું, 'હવે આપણે અહીંથી ચાલ્યા જવું જોઈએ. આપણે ગીધ છીએ. આપણી સૌથી ઊંચી ઊંડાન અને તીક્ષ્ણ તીવ્ર નજર છે. ઝડપથી નીચે આવી આપણી શિકાર કરવાની શક્તિ છે. આ ટાપુ પર આપણે આરામપ્રિય થઈ ગયાં છીએ. આપણા નાના બાળ ગીધો તો ઊડ્યાં પણ નથી અને અહીં માછલા-દેડકાનો સહેલાઈથી મળતા ખોરાકને કારણે આપણે શિકાર કરવાનું ભૂલી રહ્યા છીએ. બાળ ગીધોને તો શિકાર કરતાં આવડશે જ નહીં. આપણે આપણી ખાસિયતો ભૂલી રહ્યા છીએ.' કોઈએ અનુભવી ગીધની વાત સાંભળી નહીં. ટાપુ પર જીવતાં જીવતાં ગીધો ધીમે ધીમે ઊડવાનું ભૂલવા લાગ્યાં. શિકાર ન કરવાથી તેમની પાંખ, નહોર અને ચાંચ પણ નબળા પડ્યા લાગ્યા. ધીમે ધીમે તેઓ ખૂદ બીજા જંગલી જાનવરોનો શિકાર થવા લાગ્યા. અનુભવી વડીલ ગીધની વાત ન માની તો એમને જીવ ગુમાવવાનો વખત આવ્યો.

# દિલ્હીને જરૂર છે સહિયારા પ્રયાસની

**તંત્રીસ્થાનેથી...**

દેશની રાજધાની સમાચારમાં છે અને મોટાભાગે હોય છે તેમ નકારાત્મક સમાચારમાં છે.

દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર એ હદે વધ્યું છે કે ત્યાં હેલ્થ ઈમર્જન્સી જાહેર કરવાની ફરજ પડી છે. પાંચમી નવેમ્બર સુધી સાંજના ૬થી સવારના ૬ સુધી નિર્માણકાર્ય સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે અને સ્કૂલ્સ પણ પાંચમી સુધી બંધ રાખવામાં આવી છે. પ્રદૂષણથી લોકોને સુરક્ષિત રાખવા માટે દિલ્હી સરકારે માસ્ક વહેંચવાનું પણ શરૂ કર્યું હોવાના સમાચાર છે. ન માત્ર દિલ્હીના પરંતુ દેશના નાગરિકોમાંય દિલ્હીના આ સમાચારથી ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

અને દિલ્હીમાં આ પ્રથમ વખત નથી બન્યું. ગત વર્ષેય દિવાળી પછી દિલ્હીની હાલત આવી જ પતલી બની હતી અને આ જ કારણે તે સમાચારમાં પણ હતું. દિલ્હીમાં ફેલાયેલા પ્રદૂષણ પૈકીનું ૨૭ ટકા પ્રદૂષણ તો પંજાબ અને હરિયાણામાં પરાળી બાળવાને કારણે થાય છે એવાં તારણો બહાર આવ્યાં છે.

એ વાતને સાચી માનીએ તોય બાકીના ૭૩ ટકા પ્રદૂષણનું શું ? એ ક્યાંથી આવે છે અને એને નાથવાના ઉપાયો શું એ વિષય પણ ચિંતા અને ચિંતનનો છે જ. પરાળી બાળવા ઉપર તો પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. પરંતુ એ સિવાયનાં કારણોનું શું ?

અનિયંત્રિત વાહનો પણ દિલ્હીના પ્રદૂષણ માટેની સૌથી મોટી સમસ્યા છે. રાજકીય સહિતનાં અનેક કારણોસર દિલ્હી એ મહત્ત્વનું શહેર છે અને એ કારણે નિયમિતપણે ત્યાં અવરજવર કરનારાં લોકોની સંખ્યા પણ અગણિત છે. આ લોકો ઉપરાંત દિલ્હીવાસીઓ જે વાહનોનો ઉપયોગ કરે છે તેના કારણે જે પ્રદૂષણ ફેલાય છે તેનો આંકડો ઘણો મોટો છે. દિલ્હીમાં ટ્રાફિક જામ એ કોઈ નવી વાત નથી પરંતુ ટ્રાફિક જામના કારણે ન માત્ર સમયની, પરંતુ હવાના પ્રદૂષણની પણ ગંભીર સમસ્યા સર્જાય છે એ બાબત સામાન્ય રીતે સામે આવતી નથી. પરંતુ, પ્રદૂષણનું સ્તર જ્યારે આ હદે પહોંચી જાય ત્યારે એ બાબત સૌની સામે આવે છે. દિલ્હીના અમુક વિસ્તારોમાં તો પ્રદૂષણનો આંક ૫૦૦ને પાર કરી ગયો છે અને આ ખરેખર એક ગંભીર સ્થિતિનો નિર્દેશ છે.

દિલ્હીને બચાવવું હશે ને દિલ્હીવાસીઓને સુરક્ષિત રાખવા હશે તો સરકારે ત્વરિત પગલાં લેવાં જ પડશે અને સરકાર લઈ પણ રહી છે. બે દિવસમાં પ્રદૂષણ કાબૂમાં ન આવ્યું તો બહારથી આવતી ટ્રકને પ્રતિબંધ અને દિલ્હીનાં વાહનો માટે ઓડ-ઈવન સ્કિમનો સંકેત પણ સરકાર આપી જ ચૂકી છે.

આવા સમયે વિચાર એ આવે કે દિલ્હી એ માત્ર અન્ય શહેરો માટે લાલ બત્તી જ નથી ધરી રહ્યું પરંતુ નિર્દેશ કરી રહ્યું છે પોતાની નિષ્ક્રિયતાનો. 'સાર્વજનિક સમસ્યા એટલે બધાંની સમસ્યા, પણ કોઈએ એના માટે યત્નશીલ નહીં થવાનું, એ તો સરકારનું કામ, એમાં આપણે શું કરવાનું હોય ?' આવી માનસિકતા દિલ્હી ધરાવે છે એવું બહાર આવી રહ્યું છે. પ્રદૂષણ જેવી ગંભીર સમસ્યાથી દિલ્હી ઘણા સમયથી લડી રહ્યું છે છતાં આમ લોકો તરફથી પ્રદૂષણ નિયંત્રણ માટે કોઈ ઠોસ પ્રયાસો થયા હોય એવું જાણવામાં આવ્યું નથી. અને સરકાર ઓડ-ઈવન જેવા ઉપાયો કરે છે તો વિરોધ થાય છે. ઉપાય જે કરવાના થાય તે, પરંતુ સરકાર અને આમ જનતા એમ બંને પક્ષે થશે તો જ દિલ્હીને બચાવી શકાશે નહીંતર નહીં એ નિશ્ચિત વાત છે.

# 'શાબાશ' - એક અમૂલ્ય શબ્દ



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

બાળકોને શાબાશી, પ્રશંસા અને પ્રોત્સાહનની જરૂર છે; એનાથી જ એમનું જીવન પાંગરે છે.

પોતાનું સંતાન આ દુનિયામાં કંઈક કરી દેખાડે એવી ઈચ્છા દરેક માબાપની મનમાં હોય છે. મા-બાપ તરીકે આવી ઈચ્છા હોવાનું સ્વાભાવિક છે. પણ આવી ઈચ્છા સેવવાની વાત પતી જતી નથી. આ માટે મા-બાપ તરીકે આપણે પણ કેટલીક વાત શીખવી પડે છે.

બાળક ચૈતન્યનો ફુવારો છે. એની અંદર જે કંઈ પડ્યું છે, તે બહાર લાવવાની એની સતત મથામણ હોય છે. દરેક ડગલે એ આ જગતને સમજવા મથે છે ને એ જગતને પોતાના તરફ કરી કશુંક આપવાની કોશિશ કરે છે, બાળક પાર્ટીમાં કાગળમાં ભીત પર લીટા લસરકા કરે એ ક્ષણ એનામાં રહેલા ચિત્રકારના પ્રાગટ્યની ક્ષણ છે - એના કંઈનું ગુંજન એનામાં રહેલા ગાયકની બહાર આવવાની ક્ષણ છે અને સૂરજ અને ચાંદો જોઈને, ફુલ અને નદી જોઈને એના મનમાં જાગતા પ્રતિભાવો એનામાં રહેલા કવિને અવતરવાની ક્ષણ છે. આ ક્ષણો ઓળખવાની હોય છે ને સાચવવાની હોય છે. આ ક્ષણો જો ચૂક્યા તો બાળકના વિકાસને ઘણો ધક્કો પહોંચશે. આ ક્ષણો જો સચવાઈ ગઈ તો બાળક એના ટચૂકડા હાથથી આકાશને બાથ ભરવાની ગૂંજાશ દેખાડશે. દેરેકે દરેક માબાપ સાચવી શકે એવી આ ક્ષણો હોય છે. હું ને તમે ચિત્રકાર, સંગીતકાર કે કવિ ન હોઈએ એમ બને. એટલે બાળકોને માર્ગદર્શન કદાચ દરેક માબાપ આપી ન શકે પણ એને પ્રોત્સાહનની છે. મુખ્ય વાત માર્ગદર્શનની નથી. પ્રોત્સાહનની છે. માર્ગદર્શન તો બહારથી મેળવી શકાય, એ કંઈ એટલી અઘરી વાત નથી. પણ દરેક ડગલે બાળક ને પ્રોત્સાહિત કરવા માટે સમજ ને સહૃદયતાની જરૂર પડે. એકેએક ક્ષણે એને શાબાશી આપીએ એ કશુંક સારું કામ કરે એટલે એની પ્રશંસા કરીએ. બાળકના માનવીની ભાષા ઉચ્ચરતું થાય, પોતાના પગ પર ઊભુ ને ચાલતું થાય, જગતને સમજવા પ્રશ્નો પૂછતું થાય - ચિત્ર, સંગીત, લેખન કે કલાના અન્ય કોઈ પ્રદેશમાં વિહરતું થાય, ત્યારે આપણે ઉમળકાથી આ ક્ષણોને વધાવી લઈએ. મા-બાપના મુખેથી ઉચ્ચરતો શાબાશીનો પ્રત્યેક શબ્દ બાળકના રોમેરોમ થનગનાટ પ્રેરે છે. એની આંખોમાં પ્રસન્નતા છલકાવે છે. આવી રીતે ઉછરેલું બાળક યુવાન થશે ત્યારે એના ઘટમાં ઘોડો થનગનશે. એનો આતમ આંખ વીંઝશે ને અણદીઠેલી ભોમ પર એનું યૌવન મીટ માંડશે. મા-બાપ બાળક સાથેના સંબંધોના શબ્દકોશમાંથી 'શાબાશ' શબ્દ પૂરા ઉમળકાથી ઉચ્ચારવો જોઈએ. ઘણા મા-બાપને ફરિયાદ અને સમસ્યા હાઈપર એક્ટિવ બાળક વંટોળિયા સમા તરવરાટ વાળું હોય છે. આવાં બાળકો એકથી બે વર્ષની ઉંમરે જ પરખાઈ જાય છે. ખૂબ જ ઉત્સાહી અને શક્તિશાળી આવા બાળકો એક ક્ષણ માટે પણ શાંતિથી બેસી શકતા નથી. એમનો તરવરાટ કયારેક જાણે અજાણે તોડફોડ પણ કરે છે.

તેની શક્તિઓને કે મનના જોમને હળવેથી ક્રિયાત્મક પ્રવૃત્તિઓ તરફ વળવા સારું ફળ મેળવી શકાય છે. ગમે તે એક રમત આ બાળકને નિયમિત પણ શિખવાડવાથી કે રમાડવાથી પણ તેનો ઊભરો ઠલવાય છે અને એનો જુસ્સો એ રમતને ઓર નિખારે છે. કયારેક આવા બાળકોને વડીલો ધમકાવ્યા કરતા હોય છે. આમ બાળક વડીલોના આ વ્યવહારને સરળતાથી સ્વીકારી પોતાની પ્રક્રિયાઓ ચાલુ જ રાખે છે. આવા બાળકો મહદ્અંશે વધુ બુદ્ધિ-પ્રતિભા ધરાવતાં હોય છે.

# કેરેબિયન દુનિયાની સ્વર, લય, તાલ અને નૃત્યની એક અનોખી રોકસ્ટાર : રિહાના

**મોરપીંછના રંગ**

ડૉ. કનૈયાલાલ ભટ્ટ



ઈશ્વર દરેક વ્યક્તિને કોઈને કોઈ પ્રકારની કલા, સૌન્દર્ય કે સર્જનની શક્તિ આપીને જ પૃથ્વી ઉપર મોકલતો હોય છે. પરંતુ એ પ્રતિભાનું પ્રાગટ્ય એ વ્યક્તિની પરિસ્થિતિ, કાર્યશક્તિ, સ્વભાવ અને રસ રૂચિ મુજબ થતું હોય છે. આપણે જોઈએ છીએ કે ઘણીવખત કેટલીક વ્યક્તિઓમાં ખૂબ જ પ્રતિભા ભરેલી હોય છે પણ સમય, સંજોગો અને સાહસના અભાવે એનું પ્રાગટ્ય નહીં થવાથી એ વ્યક્તિ સાવ સામાન્ય અને ગરીબ અવસ્થામાં જીવતી હોય છે. તો ઘણીવખત વ્યક્તિનું સાહસ એના ખરાબ સમયને સારા સંજોગોમાં ફેરવીને સફળતાની ટોચે લઈ જાય છે.

આજકાલ અમેરિકામાં એક નામ ખૂબ જ ચર્ચાસ્પદ અને લોકપ્રિય બની રહ્યું છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેંડ ને આયર્લેન્ડમાં અત્યારે જેના નામની ધૂમ છે, જેના ગીતો લોકજીભે રમે છે એવી માત્ર ૩૧ વર્ષની રિહાના આજે પોપ, હિપ, રેપ, જેવા સંગીતમાં ટોચનું નામ ધરાવે છે.

મૂળ કેરેબિયન રિહાનાનું મૂળ નામ તો રૉબિન રિહાના ફેન્ટી, અને જન્મ ૨૦, ફેબ્રુઆરી, ૧૯૮૮માં સેંટ માઈકલ બાર્બાડોસ નામના શહેરમાં થયો, પિતા રોનાલ્ડ ફેંટી એક ગોદામ સુપરવાઈઝર અને માતા મોનિકા ફેંટી એકાઉન્ટંટનું કામ કરે, મા આફ્રિકન અને પિતા આયરિશને ત્રણ સંતાનો, જેમાં રિહાના સૌથી મોટી દીકરી, બે નાના ભાઈઓ રાજડ અને રોરી, રિહાનાને બાળપણથી જ ગાવાનો શોખ, સાત વર્ષની ઉંમરે તેણે ગાવાનું શરું કરી દીધેલું, પરંતુ પિતાની કૉકીનની લતને કારણે ઘરમાં માતાની સાથે થતા સતત ઝગડાઓની નાનપણમાં તેની ઉપર ઊંડી અસર પાડે છે. અને પોતે ચૌદ વર્ષની હતી ત્યારે માતા પિતાના ડિવૉર્સની ઘટના તેને અંદરથી હચમચાવી નાખે છે, પરંતુ સમય - સંજોગોની સામે એકલ હાથે લડીને માધ્યમિક સુધીનું શિક્ષણ લીધુ. ૧૫ વર્ષની ઉંમરે તેના બે સહાધ્યાયીઓની સાથે મળીને મ્યુઝિકલ ટ્રાયો ( સંગીત તિકડી ) નું નિર્માન કર્યું જે ખૂબ લોકપ્રિય થયું. જેને કારણે ૨૦૦૩માં એના કેટલાક મિત્રોએ રિહાના અને તેની બે સાથીદારની મુલાકાત એક સંગીત કંપનીના નિર્માતા ઈવાન રોજર્સની સાથે કરાવી, જે ઈવાન ગરમીની રજાઓમાં પરિવાર સાથે બારબાડોસ આવેલ હતા. રિહાનાના ગ્રુપે સ્વર પરીક્ષા



આપી. રોજર્સની સામે વૉઈસ ટેસ્ટ આપતી વખતે રિહાનાએ ડેસ્ટિનીસ ચાઈલ્ડની સંવેદના રજુ કરતું 'ડ્રમોશન'નું કવર ગીત ગાયું. અને પછી બીજા જ વર્ષે રિહાના અને તેની માતા અમેરિકામાં રોજર્સના ઘર સુધી પહોંચી ગયા. ત્યાર પછી ફરી જ્યારે રિહાના ૧૬ વર્ષની થઈ ત્યારે તેઓ અમેરિકામાં આવીને વસ્યા અને ધીમે ધીમે રિહાનાએ ગીતો રેકૉર્ડિંગ કરીને જુદી જુદી સંગીત કંપનીઓને મોકલવા લાગી અને કંપનીઓ તરફથી એને આવકાર પણ મળ્યો. ધીમે ધીમે એના ગીતો ખૂબ લોકપ્રિય થવા લાગ્યા, એની રેકૉર્ડ્સ લાખોની સંખ્યામાં વેચાવા લાગી, આરંભે એના ગીતો, આલબમની ટીકાઓ પણ થઈ, પરંતુ આજે અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોમાં રિહાનાના ગીતોની પાછળ યુવાપેઢી પાગલ છે. ન્યૂયોર્ક મેગેઝિને તો આરંભમાં રિહાનાને બિસ્કુટ કાપવાવાળી છોકરીની ઉપમા આપીને કહ્યું હતું કે એનામાં એ ક્ષમતા છે કે તે પોતાનું રૂપ ગમે ત્યારે બદલી શકે છે. રિહાના પાશ્ચાત્ય દેશોના યુવા વર્ગની આઈડોલ બની ગઈ છે, એના ખાસ રીતથી કટિંગ કરીને ડિઝાઈન કરેલા કપડા ત્યાંની યુવાપેઢીની ફેશન બની ગયેલા, ફેશન અને અત્યાધુનિક સ્ટાઈલમાં પણ તે ટૉપ ટેનમાં ગણાય છે. ''ગ્લૈમર'' ના એક સર્વેક્ષણમાં રિહાનાને વિશ્વની ૫૦ મનમોહક યુવતીઓમાં પણ સામેલ કરીને એના વિશે કહ્યું છે કે '' રિહાના અગ્રણી મહિલાઓની રૉકસ્ટાર છે, હવે તે કોઈ ભૂલ નથી કરી શકતી, કેમ કે તેની થોડી બદમિજાજી, ભોળો ચહેરો અને મોહક અદાઓ પ્રેક્ષકોને મોહિત કરી દે છે '' રિહાના અવનવી સ્ટાઈલથી આજની પેઢીને પોતાની પ્રસંશક બનાવી રહી છે. એક મેગેઝિને તો કહ્યું કે '' રિહાનાએ બહું જલદી પરિપક્વ અને કામૂક રૂપ ધારણ કરી લીધું છે '' તો વળી વર્ષ ૨૦૦૯માં ''મેક્સિમ'' એ તો રિહાનાને પૃથ્વી ઉપરની આઠમી સૌથી વધુ કામૂક મહિલા તરીકે સન્માનિત કરી છે. જે આફ્રિકામૂલની તે પ્રથમ મહિલા બની છે.

રિહાનાને ટેટૂ ચિતરાવવાનો પણ બહું શોખ છે. તેણે પોતાના શરીર પર ચિતરાવેલા બાર જેટલા ટેટૂથી મીડિયાવાળાઓનું પણ ખૂબ ધ્યાન ખેંચ્યું છે. એના ઘૂંટણ પર ચિતરેલું એક સંગીત નૉટ વાળું ટેટૂ, ડાબા કાન પાછળ મીન રાશિના ચિહ્ન વાળું ટેટૂ, પાછળના કૂલ્હા તરફ જતી સંસ્કૃતની એક પ્રાર્થનાનું ચિત્ર, એના જમણા કાનમાં એક સિતારાનું ચિત્ર, એના જમણા હાથની વચલી આંગળી પર 'LOVE (લવ)' શબ્દ, એના પાછળની પાંસળિયોની ઊભી દિવાલ પર અરબી ભાષામાં લખાવ્યું છે કે '' ફ્રીડમ ઈઝ ગૉડ'' આઝાદી એ જ ઈશ્વર છે '' એની ગરદન પાછળ સિતારાઓના પદચિહનો, એના ગુલાબી વાળના ઘુમાવથી દેખાતી એક ખતરનાક ખોપડીનું ચિત્ર, એની ડાબી તર્જની આંગળી પર 'શઅઅઅઅ...' એના જમણા ખંભા ઉપર એક તારીખ લખી છે '૧૧/૪/૮૬' તથા હવાઈયન હિબિસ્કસ ફૂલોથી પૂર્ણ મહેંદીની સ્ટાઈલમાં ડ્રેગનના એક પંજાનું ચિત્ર, એને નવું બંદૂક વાળું ટેટૂ ખભાથી નીચેના ભાગે લગાવવાની ઈચ્છા હતી પણ પછી એને પીઠ પાછળના ભાગે ચિતરાવ્યું. કેમ કે એ બૈંગબૈંગ ટેટૂ આગળના ભાગે ચિતરાવવાથી વિવાદ થાય તેમ હતો તેથી ટેટૂ કલાકારે સલાહ આપી કે આ શક્તિ અને સામર્થ્યનું ચિહ્ન છે તેથી પાછળ ચિતરાવો તો સારું,

રિહાનાને એના પૈતૃક દેશ બારબાડોસ સાથે હજીયે ખૂબ લગાવ છે. એણે એના કેટલાય ગીતોમાં ત્રિશૂળ અને ત્યાના ઝંડાનો ઉપયોગ કર્યો છે. કેટલાય આલબમોનું શૂટિંગ પણ ત્યાં કર્યું છે. ત્યાંની સરકારે રિહાનાને પર્યટન માટે એમ્બેસેડોર તરીકે પસંદ કરી તમામ જાહેરાતોમાં એના ફોટાઓ મૂકીને પર્યટકોને આકર્ષિત કર્યા હતા. ત્યાં એને કલ્ચર એન્ડ યુથનો ખિતાબ અને વડાપ્રધાન ડેવિસ થોમસનના હાથે સન્માનિત પણ કરવામાં આવી હતી. આ બારબાડોસમાં તા. ૨૦, ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ આયોજિત રાષ્ટ્રીય સંગીત સમારોહમાં રિહાનાને અનેક ભેટ સોગાદો આપવામાં આવી અને આ તારીખને આખા દેશમાં '' રિહાના ડે '' તરીકે ઉજવવામાં આવે છે. રિહાનાનો દેશપ્રેમ જોઈને અમેરિકામાં તેના કટ્ટર વિરોધીઓ એનો વિરોધ પણ કરતા હતા, એના તંગ કપડા કે અદાઓની પણ ખૂબ ટીકાઓ કરવામાં આવી છે. પણ રિહાના આ બધાની પરવા કર્યા વિના પોતાના કાર્યમાં આગળ વધતી જાય છે.

રિહાનાનું એની પ્રાથમિક સ્કૂલમાં પોતાની ચમકદાર સ્કીન માટે તેનું શોષણ કરવામાં આવ્યું છે. એવું એણે કબૂલ્યું છે. રિહાનાને પોતાના વતન દેશ બારબાડોસ પ્રત્યેના પ્રેમને કારણે પણ અમેરિકામાં ઘણા

અનુસંધાન પાના નં ૭ પર

# આ 'દુષણ' ને નાથવું ફરજીયાત છે...!

**રજવાડાપાટ**

અજય ઉપાધ્યાય



''જો વાયુ પ્રદુષણ ઓછું થઈ જાય અથવા સાવ બંધ થઈ જાય તો દિલ્હી અને એની આસપાસના શહેરો કે વિસ્તારના લોકોને કમ સે કમ ૯ વર્ષ વધુ જીવવા મળે ''...વાયુ પ્રદુષણનું આવું ખોફનાક બયાન આવ્યું છે શિકાગો યુનીવર્સીટીના એનર્જી પોલીસી ઈન્સ્ટીટ્યુટ દ્વારા પ્રકાશિત એર ક્વોલીટી લાઈફ ઈન્ડેક્ષના આંકડાઓ મુજબ...! ઈટ મીન્સ દેશની રાજધાની અને એની આસપાસના વિસ્તારોમાં વસવાટ કરતા લોકોની જિંદગી પર વાયુ પ્રદુષણનો દાનવ એટલી હદે હાવી થઈ ચુક્યો છે કે એની સીધી અસર એ વિસ્તારના લોકોના આયુષ્ય પર પડી રહી છે. દિવાળીની આતીશબાઝી અને પંજાબ અને હરિયાણામાં આ સિઝનમાં બાળવામાં આવતી પરાળના ધુમાડાને લીધે ખાલી દેશની રાજધાની દિલ્હી જ શુકામ પણ દેશભરમાં પ્રદુષણનો પ્રકોપ વધી ચુક્યો છે અને એમાં દિવાળીના ફટાકડા તો ઠીક કે એક નાનું માત્ર કારણ છે પણ હકીકત એ છે કે ભારતમાં વાયુ પ્રદુષણ રાજાની કુવરીની જેમ દિન દુગની રાત ચોગુની પ્રગતી કરી રહ્યું છે....બાય ધ વે આને પ્રગતી તો નહિ પણ આપણા માટે તો અધોગતિ જ કહી શકાય..!

રાજધાની દિલ્હીમાં તો વાયુ પ્રદુષણ એટલી હદે વધીને વિકરાળ થઈ ચુક્યું છે કે પાંચમી નવેમ્બર સુધી દિલ્હીમાં પબ્લિક હેલ્થ ઈમરજન્સી લાગુ કરી દેવામાં આવી છે. શનિવારે દિલ્હીમાં રમાનાર બાંગ્લાદેશ – ભારત વચ્ચેના ટી-૨૦ મેચ પહેલાની પ્રેક્ટીસ કરતા બાંગ્લા ખેલાડીઓના માસ્ક પહેરેલા ફોટા ઘણું કહી જાય છે એટલું જ નહિ પણ ઈન્ટરનેટ પર થોડા સમય પહેલાનું વાતાવરણ અને અત્યારના પ્રદુષિત વાયુથી ઘેરાયેલા સ્થળોના ફોટાઓ દિલ્હીવાસીઓ માટે ચિંતા કરવા માટે કાફી છે. ૨૭ ઓક્ટોબર યાની કી દિવાળી પછી હવામાં પ્રદુષિત તત્વોની માત્રા અનેકગણી વધી ગઈ અને આનો દોષનો ટોપલો દિવાળીની આતાશબાઝી પર ઢોળવામાં આવ્યો પણ એ તો ખાલી એક ટેમ્પરરી કારણ ગણી શકાય. દિલ્હીમાં અચાનક વધેલા વાયુ પ્રદુષણનું બીજું કારણ પંજાબ હરિયાણામાં ખેતરોમાં પરાળમાં લગાડાતી આગ પણ છે, જો કે આ કારણ પણ દિવાળીની આતશબાઝીની જેમ ક્ષણિક અથવા તો મુખ્ય કારણ નથી જ.

દર વર્ષે ૧૫ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર વચ્ચે આ બંને રાજ્યોમાં ખેતરોમાં પરાળ બાળવા આગ લગાડાય છે અને તકલીફ એ છે કે શિયાળો શરુ થતા લાગેલી આ આગનો ધુમાડો હવાના બદલાયેલા રુટને લીધે વાતાવરણમાં ઉપલા સ્તરે જામી જાય છે. ઠંડી શરુ થતા જ વાતવરણમાં આવેલા ફેરફારને લીધે પ્રદુષિત કણો આગળ વહેવાને બદલે હવામાં સ્થિર થઈ જાય છે અને આને લીધે વાયુપ્રદુષણ પહેલા ગંભીર સ્તર પર અને પછી કટોકટીની હાલતમાં ફેરવાઈ જાય છે. બેએક વર્ષ પહેલા પણ દિલ્હી આવા જ સમાચારોથી ચમકેલું અને પછી વધુ ચમકેલું ઓડ – ઈવન ફોર્મ્યુલાને લીધે. જો કે દિલ્હીમાં તો દર વર્ષે આ જ હાલત હોય છે પણ શિયાળાની શરૂઆતમાં આનું પ્રમાણ વધુ હોય છે. દિલ્હી માટે આ પરિસ્થિતિ લગભગ દર સાલની છે.જો કે ફટાકડા અને પરાળને દોષ દેવો નકામો છે કેમકે ઓક્ટોબર- નવેમ્બર સિવાય ડીસેમ્બર અને જાન્યુઆરીમાં પણ દિલ્હીમાં ફોગ બોલે તો ધુમ્મસનું પ્રમાણ અતિ ખતરનાક હોય જ છે અને આ ધુમ્મસ બોલે તો ફોગમાં મોટાભાગનો હિસ્સો તો પ્રદુષિત વાયુની માત્રાનો જ હોય છે. આ જ સમયે સેટેલાઈટથી લીધેલી સમગ્ર ઉત્તર ભારતની તસવીરોમાં ધુમ્મસનું એક મોટું લેયર જોવા મળશે જે હક્ક?તે ધુમ્મસ નહિ પણ પણ પ્રદુષિત હવાનું લેયર જ છે જેમાં કોલસા જેવા સળગાવેલા પદાર્થોની કાળાશ અથવા તો રાખ છે, ધુમાડો છે અને ધૂળ પણ છે જેને આપણે શ્વાસમાં લઈ રહ્યા છીએ. આની ગંભીરતા એ વાત પરથી સમજાશે કે દિલ્હીની મશહુર સર ગંગારામ હોસ્પીટલના ચેસ્ટ સર્જન કહે છે કે મારે ત્યાં ૨૮ વર્ષનો ફેફસાના સ્ટેજ ૪ કેન્સરથી પીડિત એક એવો યુવાન આવેલો કે જે બીડી-સિગરેટ નહોતો પીતો કે તમાકુ પણ નહોતો ખાતો...! આટલી નાની ઉમરમાં આવું લાસ્ટ લેવલનું ફેફસાનું કેન્સર એ દિલ્હીના ખતરનાક વાયુ પ્રદુષણની જ ભેટ હતી..! આ તો ૨૮ વર્ષના યુવાનની વાત છે હવે વિચારો કે નાના બાળકો, વૃધ્ધો અને મહિલાઓની હાલત શું થતી હશે ? એક રીપોર્ટ કહે છે કે પ્રદુષણની અસર ગર્ભમાં રહેલા બાળક પર થઈ રહી હોય એવા બનાવો નોંધાયા છે. પ્રદુષણને લીધે કસુવાવડ કે ખોડવાળા બાળકના જન્મના દાખલાઓ પણ વધતા જાય છે.

અહી સુધી વાત દિલ્હીની થઈ રહી છે એનો અર્થ એમ નથી કે દેશના બાકીના બીજા વિસ્તારો એય ને સાવ ૧૦૦ ટકા શુદ્ધ હવા જ ફેફસામાં ભરી રહ્યા છે. એક તાજો રીપોર્ટ એમ કહે છે કે ગંગાના કિનારાના પ્રદેશોમાં ૧૯૯૮ થી ૨૦૧૬ ના લગભગ બે દાયકામાં વાયુ પ્રદુષણ અધધધ કહી શકાય એવા ૭૨ ટકા જેટલું વધ્યું છે. આની ગંભીરતા એના પરથી સમજાશે કે ગંગાના કિનારે અને એની આસપાસ ભારતની કુલ વસ્તીની ૪૦ ટકા જેટલી વસ્તી વસે છે..! ગંગાના કિનારાનો આ અહેવાલ અંતર્ગત લગભગ લગભગ સમગ્ર ઉત્તર ભારત આવી જાય છે. દિલ્હીથી લઈને છેક પશ્ચિમ બંગાળ સુધીનો એરિયા આમાં આવરી લેવાયો છે. બધે જ વાયુ પ્રદુષણની માત્રા લગભગ ખતરાના નિશાનની આસપાસ કે એની ઉપર વહી રહી છે. દુનિયાના ૧૦ સૌથી વધુ પ્રદુષિત શહેરોમાં દિલ્હી ની સાથે સાથે કલકત્તા પણ સામેલ છે જ. ચિંતા અને ફિકરનો સમય ક્યારનો શરુ થઈ ચુક્યો છે પણ હજુ જોઈએ એટલી ગંભીરતા ક્યાં ?

દેશના લગભગ બધા જ મોટા શહેરોમાં આ હાલ છે, હા હજુ બધે કદાચ દિલ્હીની જેમ હેલ્થ ઈમરજન્સી લાગુ કરવી પડે એવી સ્થિતિ નથી પણ આ સમય બહુ દુર પણ નથી.સ્ટેટ ઓફ ગ્લોબલ એર ૨૦૧૯ના લેટેસ્ટ રીપોર્ટ મુજબ ખાલી ભારતમાં જ દર વર્ષે લગભગ ૧૩ લાખ લોકો વાયુ પ્રદુષણના શિકાર બનીને જિંદગી ગુમાવી બેસે છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) ના આંકડા કહે છે કે વિશ્વની લગભગ ૯૦% વસ્તી એવા સ્થાનો પર રહેવા મજબુર છે કે જ્યાં વાયુ પ્રદુષણની માત્રા નિયત લેવલ કરતા અનેકોગણી વધુ છે. હાલત એટલી ગંભીર છે કે દુનિયાના ૧૦ સૌથી વધુ પ્રદુષિત શહેરોમાં દિલ્હી પહેલા નંબરે છે. એના પછી પાકિસ્તાનનું લાહોર, મંગોલિયાનું ઉલાનબટાર, બાંગ્લાદેશનું ઢાકા, ભારતનું કલકત્તા, પોલેન્ડનું ક્રાકો અને રોકલા, ચીનનું વુહાન, ગુઆંગ્જો અને ચોન્ગકીંગ સામેલ છે.

મોટા શહેરોમાં ચાર રસ્તે લગાવેલા એલ.ઈ.ડી. સ્ક્રીન પર રોલ થતા પોલ્યુશનના આંકડા જોવાનો ટાઈમ ન મળતો હોય તો સમજી જજો કે એ દિવસો દુર નથી કે એ આંકડા રોજ જોતા રહેવા પડશે. પ્રદુષણ નાથવા દિલ્હીમાં લાગેલી હેલ્થ ઈમરજન્સી જેવા ઉપાયો તો થતા જ રહે છે પણ પ્રદુષિત હવા કરવામાં કારખાનાઓમાંથી અને વાહનોમાંથી નીકળતા ધુમાડા બધાથી આગળ છે. પર્યાવરણને નડે નહિ એવા ઈંધણવાળી ગાડીઓ આનો એક ઉપાય પણ છે. રોડ પર જેટલા વાહનો ઓછા ફરશે એટલું વાયુપ્રદુષણ ઓછું થશે એ હકીકત આપણે સમજીએ ત્યારે ઠીક બાકી દુનિયાના પેરીસ જેવા શહેરો અને જર્મની, ચીન જેવા દેશો ક્યારના સમજી ગયા છે કારણ કે આ પ્રદુષણ એ ગ્લોબલ દુષણ છે. આ ઉપરાંત આડેધડ કપાતા વૃક્ષો પણ પ્રદુષણને હરાવવામાં આપણી મદદ કરી શકે એમ નથી. તો કોન્ક્રીટના ઉભા થતા જંગલો શુદ્ધ હવાને બદલે ગંદી હવાના ફેલાવામાં દાનવકાર્ય કરી રહ્યા છે. દુનિયાભરના આર્કિટેક મકાન બાંધકામોમાં ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જોર આપી રહ્યા છે. આપણે પણ આ દુષણને ડામવા ઓડ-ઈવન, હેલ્થ ઈમરજન્સી કે પોલીટીક્સથી ઉપર ઉઠીને કશાક ઠોસ નિર્ણયો અને પગલાઓ લેવા જ રહ્યા નહિતર આવનારી પેઢી માફ નહી કરે...!